eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 328
June 10, 2013

## સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં ડિમોલેશનની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં આવેલ મોજે–રાંદેર ગામતળ, ટીકા નં.૧૦, સીટી સર્વે નં.૮૭, મલેક ઈનાયત સ્ટ્રીટ, રાંદેરમાં આવેલ મિલ્કતના માલિક શ્રી મોહંમદ સલીમ ઈસ્માઈલ મીસ્ત્રી અને યુસુફ શેખ તથા અન્ય દ્વારા ગ્રાઉન્ડ ફ્લોર પરના પાર્કીંગમાં બે ફ્લેટનું આયોજન કરીને, ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ (વરાછા) ઝોનના કાર્યક્ષેત્રમાં આવતી ટી.પી.સ્કીમ નં.૨૦(પુણા) માં ૧૦ ગાળાનું ડિમોલીશન કરી ટી.પી. રસ્તો ખુલ્લો કરવાની કામગીરી



પૂર્વ (વરાછા)ઝોન વિસ્તારના ડ્રા.ટી.પી.સ્કીમ નં.૨૦ (પુણા) માં ફા.પ્લોટ નં.૪૧ ને લાગુ આવેલ ૧૨.૦૦મી.નાં ટી.પી. રસ્તાની અસરમાં આવેલ બાલમુકુંદ સોસાયટીના કહેવાતા ગાળા નં.૧૦૫ થી ૧૧૩ તથા ૧૧૫ માં બંધાયેલ આશરે..

વધુ માટે કલીક કરો >>>>>>



## "આજના સામજીક અને રાજનૈતિક સંદર્ભમાં વીર સાવરકર અને સ્વામી વિવેકાનંદના જીવનદર્શનની આવશયકતા અને ઉપયોગીતા" વિષય પર વ્યાખ્યાનનું આયોજન "વ્યાખ્યાનમાળા"

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૮/૦૫/૨૦૧૩ ના રોજ રાત્રે ૭.૩૦ કલાકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કન્વેનશન હોલ ખાતે ડો. હરીન્દ્ર શ્રીવાસ્તવનું "આજના સામજીક અને રાજનૈતિક સંદર્ભમાં વીર સાવરકર અને સ્વામી વિવેકાનંદના જીવનદર્શનની આવશયકતા અને ઉપયોગીતા" વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ હતું.....

વધુ માટે કલીક કરો >>>>>>

## વરાછા ઝોનમાં રેલ્વે લાઈનને અડીને આવેલ ઉદરસ ભૈયાની ચાલ અને પાટીચાલમાં આવેલ જૂની ઝુંપડપટ્ટીઓમાં અસહ્ય ગંદકી જણાય આવતા સફાઈ કામદારો સાથે રાખીને ઝુંબેશરૂપે સફાઈ

શહેરના સૌથી ગંદા વિસ્તારની સફાઈ કરાવાઈ, વરાછા ઝોનમાં રેલ્વે લાઈનને અડીને આવેલ ઉદરસ ભૈયાની ચાલ અને પાટીચાલમાં આવેલ જૂની ઝુંપડપટ્ટીઓમાં અસહ્ય ગંદકી જણાય આવતાં તાત્કાલિક આજરોજ ૧૦૦ થી વધારે સફાઈ કામદારો સાથે રાખીને ઝુંબેશરૂપે સફાઈ કરાવવામાં આવી હતી....

વધુ માટે કલીક કરો >>>>>>

## 'વર્લ્ડ નો ટોબેકો ડે '(World No Tobacco Day)' ની ઉજવણીના ભાગ રૂપે 'તમાકુ વ્યસન–મુકિત કિલનીક' ની શરુઆત તથા 'યુ કેન કવીટ (You can QUIT)' વિષય પર પરીસંવાદ તાલીમ કાર્યક્રમનું આયોજન

દર વર્ષે ૩૧ મે ના રોજ દુનિયાભરમાં 'વર્લ્ડ નો ટોબેકો ડે (World No Tobacco Day)' ની ઉજવણી થાય છે જેમા તમાકુના વપરાશ સાથે સંબંધીત સ્વાસ્થયના જોખમો તથા તમાકુના સેવન ઘટાડવા માટેની અસરકારક નીતીઓ વિષે ચર્ચા થાય છે. તમાકુથી આશરે દર વર્ષે વિશ્વ ભરમાં ૬૦ લાખ લોકો મૃત્યુ પામે છે.....

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન (રાંદેર) હેઠળના વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા પ્રિ–મોન્સુન કામગીરી અંતર્ગત કરવામાં આવેલ ઝુંબેશરૂપી કામગીરી.

સુરત શહેરમાં આગામી ચોમાસાની ઋતુ દરમ્યાન મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ રહે તે માટે તે કમિશનરશ્રીના આદેશાનુસાર કાર્યવાહી હાથ ધરવા આદેશ કરેલ હોય પશ્ચિમ ઝોન (રાંદેર) વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા આજરોજ તા.૩૦/૦૫/૨૦૧૩ ના રોજ રૂટિન કામગીરી ઉપરાંત ..

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાના આરોગ્ય નિરીક્ષક, આરોગ્ય નિરીક્ષક સહિત આરોગ્ય વિભાગના સ્ટાફની કુલ–૫ (પાંચ) ટીમ બનાવી બીનઆરોગ્ય પ્રદ કેરીઓ બાબત ઝુંબેશ

સુરત મહાનગરપાલિકાના ડે. કમિશનર (હે. એન્ડ હો.) સાહેબશ્રીની સુચના મુજબ સાઉથઝોન (ઉધના) ના નાયબ આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ મુખ્ય આરોગ્ય નિરીક્ષક, આરોગ્ય નિરીક્ષક સહિત આરોગ્ય વિભાગના સ્ટાફની કુલ–૫ (પાંચ) ટીમ બનાવી બીનઆરોગ્ય પ્રદ કેરીઓ બાબત ઝુંબેશરૂપે કામગીરી હાથ ધરવામાં આવેલ છે...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાનાં ડે. કમિશનરશ્રી (હે. એન્ડ હો.) સુચના મુજબ સુરત બારડોલી રોડ ઉપર મહાત્માં ગાંધી વેજીટેબલ ફ્રુટ માર્કેટ તથા આઝાદ ફ્રુડ માર્કેટ વેપારીઓને ત્યાં આરોગ્યલક્ષી નિરીક્ષણ

સુરત મહાનગરપાલિકાનાં ડે. કમિશનરશ્રી (હે. એન્ડ હો.) સુચના મુજબ સાઉથ (ઉધના) ઝોનનાં નાયબ આરોગ્ય વિભાગ તથા મહાનગરપાલિકાના ફુડ વિભાગનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા હાલની ઉનાળાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સુરત બારડોલી રોડ ઉપર મહાત્માં ગાંધી વેજીટેબલ ફ્રુટ માર્કેટ તથા આઝાદ ફ્રુડ માર્કેટ વેપારીઓને ત્યાં આરોગ્યલક્ષી નિરીક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર) દ્વારા પાકાં મકાનો તથા કમ્પાઉન્ડ વોલનાં બાંધકામો દૂર કરી, રસ્તાનો કબ્જો લઈ જાહેર જનતા માટે ટી.પી. રસ્તાં ખુલ્લા કરાવવામાં આવ્યા

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર) દ્વારા આજરોજ નીચે જણાવ્યાં મુજબનાં ટી.પી. રસ્તા ઉપર બનાવવામાં આવેલ પાકાં મકાનો તથા કમ્પાઉન્ડ વોલનાં બાંધકામો દૂર કરી, રસ્તાનો કબ્જો લઈ જાહેર જનતા માટે ટી.પી. રસ્તાં ખુલ્લાં કરાવવામાં આવેલ છે. જેનાથી ભવિષ્યમાં ટ્રાફિક તેમજ વાહન વ્યવહારની ઘણી સમસ્યા નિવારી શકાશે....

વધુ માટે કલીક કરો >>>>>>

## ભારત સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા જૂન માસે "મેલેરીયા વિરોધી માસ" તરીકે ઉજવવા નકકી કરેલ હોય, સુરતના મહાનગરપાલિકા દ્વારા તા.૦૧/૦૬/૨૦૧૩ નાં રોજ એક વિશાળ રેલીનું આયોજન



ભારત સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા જૂન માસે "મેલેરીયા વિરોધી માસ" તરીકે ઉજવવા નકકી કરેલ હોય, સુરતના મહાનગરપાલિકા દ્વારા શહેરની જનતામાં મચ્છરજન્ય રોગો નિયંત્રણમાં રાખવા માટે જનજાગૃતિ કેળવાય અને સુરત ..

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા અને લક્ષ્મી સખી મહિલા મંડળ, લંબેહનુમાન, સુરતના સંયુકત ઉપક્રમે તા.૦૨/૦૬/૨૦૧૩ ના રવિવારના રોજ વિના મૂલ્યે આરોગ્ય નિદાન/ સારવાર કેમ્પનું આયોજન

સુરત મહાનગરપાલિકા અને લક્ષ્મી સખી મહિલા મંડળ, લંબેહનુમાન, સુરતના સંયુકત ઉપક્રમે, "વસંત ભીખાની વાડી, આંગણવાડી નંબર :૧૪ લંબેહનુમાન, વરાછા, સુરત ખાતે તા.૦૨/૦૬/૨૦૧૩ ના રવિવારના રોજ સવારે ૦૯/૦૦ થી બપોરે ૦૧/૦૦ કલાક દરમ્યાન વિના મૂલ્યે આરોગ્ય નિદાન/ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે....

વધુ માટે કલીક કરો >>>>>>



## તા.૩૧–મે ૨૦૧૩ ના "વિશ્વ તમાકુ નિષેધ દિવસ" નિમિત્તે સુરત મહાનગરપાલિકાના આરોગ્ય શાખા ધ્વારા નાગરિકો, તમાકુ અને તેની બનાવટનાં વ્યસન થી મુકત રહે તે હેતુથી એક રેલીનું આયોજન

તા.૩૧–મે ૨૦૧૩ ના "વિશ્વ તમાકુ નિષેધ દિવસ" નિમિત્તે સુરત મહાનગરપાલિકાના આરોગ્ય શાખા ધ્વારા નાગરિકો, તમાકુ અને તેની બનાવટનાં વ્યસન થી મુકત રહે તે માટે લોકોમાં જાગૃતિ આવે તે હેતુથી વરાછાઝોનમાં, વરાછા હેલ્થ સેન્ટરથી તા.૩૧–મે–૨૦૧૩ ના રોજ સવારે ૯–૩૦ કલાકે એક રેલીનું આયોજન કરવામાં આવેલ હતું...

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન (રાંદેર) હેઠળના વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા પ્રિ–મોન્સુન કામગીરી અંતર્ગત કરવામાં આવેલ ઝુંબેશરૂપી કામગીરી

સુરત શહેરના આગમી ચોમાસાની ઋતુ દરમ્યાન મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ રહે તે માટે મે કમિનરશ્રીના આદેશાનુસાર કાર્યવાહી હાથ ધરવા આદેશ કરેલ હોય પશ્ચિમ ઝોન (રાંદેર) વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા આજરોજ તા.૦૧/૦૬/૨૦૧૩ ના રોજ રૂટિન કામગીરી ઉપરાંત બપોર બાદ શિતલ ટોકિઝ પાસેની ઝંપડપટ્ટી અડાજણ...

વધુ માટે કલીક કરો >>>>>>

## કુદરતી તેમજ માનવસર્જિત આફતની પરિસ્થિતિ સર્જાય તેવા સમયે સેવા / સહાય કાર્યમાં સહભાગી થવા સંદર્ભેએક અગત્યની બેઠકનું

વાવાઝોડા, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આફતની પરિસ્થિતિ સર્જાય તેવા સમયે સેવા / સહાય કાર્યમાં સહભાગી થવા સંદર્ભે આપત્તિ વ્યવસ્થાનનાં ભાગરૂપે બચાવ, રાહત તેમજ પુનર્વસનની કામગીરી સરળ અને ઝડપી બને તે હેતુસર કયા વિસ્તારમાં, કયા પ્રકારની, કેટલા પ્રમાણમાં સેવા / સહાય પુરી પાડવા સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ ઈચ્છુક છે...

વધુ માટે કલીક કરો >>>>>>

## "૫મી જુન વિશ્વ પર્યાવરણ દિન" ની ઉજવણી નિમિત્તે "એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ" પ્રેરીત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત નિબંધ અને ચિત્રકા સ્પર્ધા આયોજન

૫મી જુન "વિશ્વ પર્યાવરણ દિન" ની ઉજવણી નિમિત્તે "એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ" પ્રેરીત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત નિબંધ અને ચિત્રકા સ્પર્ધા તા.૦૫/૦૬/૨૦૧૩ ને બુધવારના રોજ સવારે ૧૦ કલાકે નિબંધ સ્પર્ધા અને ૧૧.૩૦ કલાકે ચિત્રકામ સ્પર્ધાનું આયોજન તયાબહ સેમીનાર હોલ,..

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં ડ્રેનેજ ખાતાની ટીમ મારફતે તા.૦૨/૦૬/૨૦૧૩ ના રવિવારના રોજ કરવામાં આવેલ ગટર જોડાણની કામગીરીની વિગત નીચે મુજબ છે.

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૩૫(કતારગામ) ફા.પ્લોટ નં.૨૫ રે.સ.નં.૩૫/૩ માં આવેલ શુભલક્ષ્મી રો–હાઉસ, રમણપાર્કની સામે, સીંગણપોર નવા મહોલ્લા પાસેના ટી.પી. રસ્તા પર ગટર જોડાણનું ગેરકાયદેસર કનેકશન માટે રસ્તો ખોદાણ કરતા હોવાની ફરીયાદ મળેલ....

વધુ માટે કલીક કરો >>>>>>

## ડ્રા.ટી.પી.સ્કીમ નં.૨૪ (મોટા વરાછા–ઉત્રાણ) તથા ડ્રા.ડી.પી.સ્કમી નં.૧૮ (મોટા વરાછા) માં ડિમોલીશનની કામગીરી

પૂર્વ (વરાછા) ઝોનમાં સમાવિષ્ટ મોટા વરાછા વિસ્તારમાં નીચે જણાવેલ સ્થળોએ ડિમોલીશનની કાર્યવાહી કરવામાં આવેલ.ડ્રા.ટી.પી. સ્કીમ નં.૨૪ (મોટા વરાછા–ઉત્રાણ), ફા. પ્લોટ નં.૪૪/એ, બ્લોક નં.૧૮૩ માં આવેલ વૃંદાવન સોસાયટી વિભાગ–૧ ના મંજૂર પ્લાનમાં દર્શાવેલ ઓપન સ્પેસ વાળા ભાગમાં ગેરકાયદેસર દુકાનો બનાવવાના ઈરાદે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં શહેર વિકાસ ખાતા ધ્વારા દબાણ ખાતા ધ્વારા દબાણ ખાતાની ટીમ મારફતે તા.૦૩/૦૪/૨૦૧૩ ના સોમવાર તથા તા.૦૪/૦૬/૨૦૧૩ ના મંગળવારના રોજ કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે

સ નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં ટી.પી. સ્કમ નં.૨૫ (સીંગણપોર–ટુંકી) ફા.પ્લોટ નં.૫૪/ પૈકીમાં આવેલ નવનાથના ખાડા તરીકે ઓળખાતા વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ બાબતે મનાઈ હુકમ, કારણદર્શક નોટીસ તથા તાકીદનો પત્ર આપવામાં આવેલ. જેનો અમલ ન થતા સ્થળ ઉપર ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ઈમ્પેકટ ફી બાબતે નવા સ્થાયી સમિતિ સભાખંડ એક મીટીંગનું આયોજન

તા.૦૪–૦૬–૨૦૧૩ ના રોજ સાંજે ૬–૦૦ કલાકે ઈમ્પેકટ ફી બાબતે એક મીટીંગનું આયોજન નવા સ્થાયી સમિતિ સભાખંડમાં મા. મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું. ઉકત મીટીંગમાં મા. મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, મા. મેયર શ્રીમતી વર્ષાબેન રાણા, શાસક પક્ષના નેતાશ્રી દયાશંકરસિંહ ઉપરાંત મહાનગરપાલિકાના વિવિધ ઝોનના ઝોનલ ચીફશ્રીઓ, ઝોનલ અધિકારીશ્રીઓ, શહેર વિકાસ વિભાગના અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા. ..

વધુ માટે કલીક કરો >>>>>>



## વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૦૫/૦૬/૨૦૧૩નાં રોજ સાઉથ ઝોન (ઉધના) વિસ્તારમાં શાંતિકુંજ ગાર્ડનની ઉદ્‌ઘાટનવિધિ તેમજ વૃક્ષારોપણ કાર્યક્રમ

વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૦૫/૦૬/૨૦૧૩નાં રોજ સાઉથ ઝોન (ઉધના) વિસ્તારમાં શાંતિકુંજ ગાર્ડનની ઉદ્‌ઘાટનવિધિ તેમજ વૃક્ષારોપણ કાર્યક્રમ મા. મેયરશ્રી રાજેન્દ્રભાઈ એ. દેસાઈ(રાજુભાઈ દેસાઈ)ના વરદ્‌હસ્તે સંપન્ન કરવામાં આવી. ...

વધુ માટે કલીક કરો >>>>>>

## રીઝયોનલ સેન્ટર ફોર અર્બન એન્ડ એન્વાયમેન્ટલ સ્ટડીસ ૮૨ભહગભકલ ઓફ ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ–ગર્વમેન્ટ, મુંબઈ મહારાષ્ટ્રના જલગાંવ, અકોલા, ધુલે, કલ્યાણ–ડોંજાવલી, નાંદેડ–વઘાલા નાગપુર વિગેરે શહેરોના ૪૩ સદસ્યોની ટીમ સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રોજેકટોની કામગીરી અંગે નીરીક્ષણ



રીઝયોનલ સેન્ટર ફોર અર્બન એન્ડ એન્વાયમેન્ટલ સ્ટડીસ (RECUES) ઓફ ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ–ગર્વમેન્ટ, મુંબઈ મહારાષ્ટ્રના જલગાંવ, અકોલા, ધુલે, કલ્યાણ–ડોંજાવલી, નાંદેડ–વઘાલા નાગપુર વિગેરે....

વધુ માટે કલીક કરો >>>>>>



## ૫મી જૂનનો દિવસ આખા વિશ્વમાં "વિશ્વ પર્યાવરણ દિન" નિમિત્તે "એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ" પ્રેરીત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત નિબંધ અને ચિત્રકામ સ્પર્ધાનું આયોજન

૫મી જૂનનો દિવસ આખા વિશ્વમાં "વિશ્વ પર્યાવરણ દિન" તરીકે ઉજવાય છે. ૫મી જુન "વિશ્વ પર્યાવરણ દિન"ની ઉજવણી નિમિત્તે "એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ" પ્રેરીત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત નિબંધ અને ચિત્રકામ સ્પર્ધાનું આયોજન તા.૦૫/૦૬/૨૦૧૩ને બુધવારના રોજ તયાબહ સેમીનાર હોલ, સાર્વજનિક કોલેજ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "વિશ્વ પર્યાવરણ દિન" નિમિત્તે જનજાગૃતિ અંતર્ગત પ્રતિબંધિત પ્લાસ્ટીક અટકાયતની સંકલિત ઝુંબેશ

મે. કમિશનરશ્રીની સુચના મુજબ અને ડે. કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) અને આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારમાં આવેલ શાક માર્કેટ, સુપર સ્ટોર દુકાનો, કોર્મશીયલ કોમ્પલેક્ષ, હોકર્સ, રીટેલ શોપ, પ્લાસ્ટીક સપ્લાયર્સ વિગેરે સ્થળોએ ઉપયોગમાં લેવામાં "વિશ્વ પર્યાવરણ દિન" નિમિત્તે જનજાગૃતિ અંતર્ગત સવારથી સાંજ સુધી જે તે ઝોનનાં આરોગ્ય...

વધુ માટે કલીક કરો >>>>>>

## ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસે વન મહોત્સવ નિમિત્તે શાંતિકુંજ ગાર્ડનની ઉદ્‌ઘાટનવિધિ તથા વૃક્ષારોપણ કાર્યક્રમ

વ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસે વન મહોત્સવ નિમિત્તે ઉન પ્રાથમિક શહેરી આરોગ્ય કેન્દ્રની સામે, વખારીયા રોડ, ભેસ્તાન ખાતે શાંતિકુંજ(પ્રોજેકટ ખર્ચ રૂા.૧૫.૮૪ લાખ, બાગનું ક્ષેત્રફળ ૨૩૫.૦૦ ચો.મી.) નું લોકાર્પણ મા. મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ (રાજુ દેસાઈ) ના વરદ્‌ હસ્તે કરવામાં આવેલ હતું. આ શાંતીકુંજ તૈયાર કરવાનો ઉદ્દેશ વિસ્તારના વરિષ્ઠ નાગરીકોના રીક્રીએશન તથા પર્યાવરણની જાળવણીનો છે. જેનો જે તે વિસ્તારની જનતા લાભ લઈ શકે....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં ડિમોલેશનની કામગીરીઃ–

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં આવેલ મોજે–રાંદેર ગામતળ, ટીકા નં.૧૦, સીટી સર્વે નં.૮૭, મલેક ઈનાયત સ્ટ્રીટ, રાંદેરમાં આવેલ મિલ્કતના માલિક શ્રી મોહંમદ સલીમ ઈસ્માઈલ મીસ્ત્રી અને યુસુફ શેખ તથા અન્ય દ્વારા ગ્રાઉન્ડ ફ્લોર પરના પાર્કીંગમાં બે ફ્લેટનું આયોજન કરીને, બારી–બારણાના ફીટીંગ્સ સહિતના, ચણતર–પ્લાસ્ટર કામ કરીને રહેણાંક પ્રકારનું બાંધકામ કરતાં આશરે કુલ–૧૫૦૦ ચો.ફુટનું ગેરકાયદેસર બાંધકામ પશ્ચિમ ઝોન (રાંદેર) ખાતાના તથા દબાણ વિભાગના સ્ટાફ દ્વારા તા.૨૯/૦૫/૨૦૧૩ ના રોજ દૂર કરવામાં આવેલ છે. જેના ડિમોલેશન ચાર્જ પેટે રૂા.૨૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત તમામ કામગીરી એડી.સીટી ઈજનેરશ્રીની સૂચનાથી કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ વિભાગ તથા દબાણના સ્ટાફ તેમજ સીકયુરીટી સ્ટાફ દ્વારા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવેલ છે.

TOP

## પૂર્વ (વરાછા) ઝોનના કાર્યક્ષેત્રમાં આવતી ટી.પી.સ્કીમ નં.૨૦(પુણા) માં ૧૦ ગાળાનું ડિમોલીશન કરી ટી.પી. રસ્તો ખુલ્લો કરવાની કામગીરી :–



પૂર્વ (વરાછા)ઝોન વિસ્તારના ડ્રા.ટી.પી.સ્કીમ નં.૨૦ (પુણા) માં ફા.પ્લોટ નં.૪૧ ને લાગુ આવેલ ૧૨.૦૦મી.નાં ટી.પી. રસ્તાની અસરમાં આવેલ બાલમુકુંદ સોસાયટીના કહેવાતા ગાળા નં.૧૦૫ થી ૧૧૩ તથા ૧૧૫ માં બંધાયેલ આશરે ૧૨૦ × ૪૦ ફુટ મળી કુલ ૪૮૦૦ ચો.ફુટ નાં માપ વિસ્તારનું ગ્રાઉન્ડ ફલોરનું આર.સી.સી., કોલમ, બીમ, સ્લેબ તથા ઈંટનું ચણતર સહિતનું બાંધકામ આજરોજ જમીનદોસ્ત કરવામાં આવેલ છે. અને ટી.પી. રસ્તા નું દબાણ દુર કરી આશરે ૬૦,૩૦૦ ચો.ફુટ નો કબજો મેળવી, રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે.

આ ટી.પી. રસ્તો ખુલ્લો થવાથી કલ્યાણનગરથી કારગીલ ચોક સુધીની ટ્રાફીકની સમસ્યા હલ થઈ શકશે તથા સદર વિસ્તારને પાણી, ડ્રેનેજ, સ્ટોંમ ડ્રેનેજની સુવિધાઓ વહેલાસર પુરી પાડવામાં આવશે.

સદર કામગીરી પૂર્વ (વરાછા) ઝોન ના ઈ.ચા. ઝોનલ ચીફશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રી ના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવી હતી. જેમાં પૂર્વ(વરાછા) ઝોનના ડેપ્યુટી ઈજનેરશ્રીઓ, જુની. ઈજનેરો તેમજ શહેરી વિકાસ ખાતના તથા દબાણ ખાતાના અધિકારીશ્રીઓ, કર્મચારીઓ તેમજ વાયરમેન તથા વાહનોમાં ૪–જે.સી.બી મશીન તથા ૨૦ બેલદારો અને સુરત મહાનગરપાલિકાના સિકયુરીટી સ્ટાફ સાથે રાખી શાંતિપૂર્વક પાર પાડવામાં આવ્યુ છે

TOP

## "આજના સામજીક અને રાજનૈતિક સંદર્ભમાં વીર સાવરકર અને સ્વામી વિવેકાનંદના જીવનદર્શનની આવશ્યકતા અને ઉપયોગીતા" વિષય પર વ્યાખ્યાનનું આયોજન "વ્યાખ્યાનમાળા":-



સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૮/૦૫/૨૦૧૩ ના રોજ રાત્રે ૭.૩૦ કલાકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કન્વેનશન હોલ ખાતે ડો. હરીન્દ્ર શ્રીવાસ્તવનું **"આજના સામજીક અને રાજનૈતિક સંદર્ભમાં વીર સાવરકર અને સ્વામી વિવેકાનંદના જીવનદર્શનની આવશ્યકતા અને ઉપયોગીતા"** વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ હતું. વ્યાખ્યાનમાળાનો શુભારંભ મંચસ્થ મહાનુભાવોએ દીપ પ્રાગ્ટય દ્વારા કરી મા. મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈએ ઉપસ્થિત સર્વને આવકારતા જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકાએ પ્રાથમિક સુવિધાઓ ઉપરાંત સમાજમાં સંસ્કૃતિ પ્રત્યે નગરજનો માટે સૂરોત્સવ, કવિ સંમેલન, વ્યાખ્યાન વિગેરેનું પણ આયોજન કરી ભારતીય વારસાને જાળવી રાખવાનું પણ કાર્ય કરી રહયા છે. ત્યારબાદ વ્યાખ્યાનમાળા સમિતિના સભ્યશ્રી કનુભાઈ જોષીએ પ્રાસંગિક પ્રવચનમાં વ્યાખ્યાતા ડો. હરીન્દ્ર શ્રીવાસ્તવે આઝાદી પહેલા ભારત અને વિદેશમાં શ્રી વિવેકાનંદ અને સાવરકરના જીવનમાં બનેલ વિવિધ ઘટનાઓ અને તેઓના આ ક્ષેત્રે પ્રદાનને વર્ણવ્યુ હતું. દિલ્હી વિશ્વ વિદ્યાલયના સીનીયર વ્યાખ્યાતા ડો. હરીન્દ્ર શ્રીવાસ્તવે વીર સાવરકર અને સ્વામી વિવેકાનંદ દ્વારા તેઓના સમયમાં બ્રિટીશ રાજની સામે દેશની આઝાદી માટે આપેલ લડતના વિવિધ પ્રસંગોને વીણી પોતાના વ્યકતત્વમાં દેશની આઝાદી માટે તેઓએ આપેલા બલિદાનનો તાદર્શ્ય ચિતાર વર્ણવ્યો હતો. તેઓના વકતવ્યમાં જાણે બંને મહાસપૂતો હમણા આપની સમક્ષ આ લડત લડતા હોય, તે રીતના શાબ્દિક પ્રસંગો ઉભા થયાની અનુભુતિ થઈ હતી. સુરત મહાનગરપાલિકાના નિમંત્રણને માન આપી ઉપસ્થિત રહેલ શહેરની સંસ્કૃતિપ્રેમી નગરજનોએ આ વકતવ્યને માણી ધન્યતા અનુભવી હતી. સુરતના આંગણે સોનેરી સંધ્યાએ યોજાયેલ જ્ઞાનવર્ધક વ્યાખ્યાનનો શહેરની જ્ઞાનપિપાસુ જનતાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી લાભ લીધો હતો. અંતમાં વ્યાખ્યાનમાળા સમિતિના સભ્યશ્રી રાજેશભાઈ જોળીયાએ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. આ પ્રસંગે ધારાસભ્યશ્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયા, શાસકપક્ષ નેતાશ્રી દયાશંકર સિંહ, ડે. કમિશનરશ્રી સી.વાય.ભટ્ટ, સાંસ્કિૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી ઉર્વશીબેન રામીમાળી, વ્યાખ્યાનમાળા સમિતિના સભ્યોશ્રી ભૂપેન્દ્રભાઈ સોલંકી, શ્રી મનોજભાઈ મિસ્ત્રી, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

TOP

## વરાછા ઝોનમાં રેલ્વે લાઈનને અડીને આવેલ ઉદરસ ભૈયાની ચાલ અને પાટીચાલમાં આવેલ જૂની ઝુંપડપટ્ટીઓમાં અસહ્ય ગંદકી જણાય આવતા સફાઈ કામદારો સાથે રાખીને ઝુંબેશરૂપે સફાઈઃ–

શહેરના સૌથી ગંદા વિસ્તારની સફાઈ કરાવાઈ, વરાછા ઝોનમાં રેલ્વે લાઈનને અડીને આવેલ ઉદરસ ભૈયાની ચાલ અને પાટીચાલમાં આવેલ જૂની ઝુંપડપટ્ટીઓમાં અસહ્ય ગંદકી જણાય આવતાં તાત્કાલિક આજરોજ ૧૦૦ થી વધારે સફાઈ કામદારો સાથે રાખીને ઝુંબેશરૂપે સફાઈ કરાવવામાં આવી હતી.

આ વિસ્તાર ખાનગી માલિકીનો હોય અને નામદાર કોર્ટનો મનાઈ હુકમ હોય, કોર્પોરેશન તેમાં કોઈ કામગીરી કરાવી શકતી નથી. ગઈકાલે સ્થાનિક કોર્પોરેટર કાંતિભાઈ ભંડેરી વિ. સાથે રાઉન્ડમાં નીકળેલ ડે. કમિશનર ઝુંપડપટ્ટી જોઈ તાત્કાલિક આજે ઓપરેશન હેલ્થકેર હેઠળ આ ઉદરસ ભૈયાની ચાલ અને પાટીચાલમાં સફાઈ સેવકોની મોટી ફોજ ઉતારી હતી અને સ્થળ ઉપર હાજર રહી સફાઈ કરાવી હતી. તેમણે સ્થાનિક યુવાનો અને મહિલાઓને પણ સાથે રાખીતે આ સ્વચ્છતા અભિયાન શરૂ કરાવ્યું હતું. પ્રચારવાન ધ્વારા સ્વચ્છતા અભિયાનના ગીતોથી પ્રભાવિત થઈ સ્થાનિક આગેવાનો, યુવાનો પણ આ સ્વચ્છતા અભિયાનમાં ડે. કમિશનરે માઈક ધ્વારા સ્થાનિક લોકોને માર્ગદર્શન આપ્યું હતું અને હવેથી જો કચરો ગમે ત્યાં નાંખવામાં આવશે તો બીપીએમસી એકટની જોગવાઈ પ્રમાણે કડક દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે. એટલુંજ નહિ પરંતુ પાણીનો પણ બગાડ કરવામાં આવશે તો પાણીના નળના કનેકશન પણ કાપી નાંખવાની ચીમકી આપી હતી. નાના ભુલકાઓને ગંદકીના કારણે રોગનો ભોગ બનવું પડે છે તે બાબત તરફ ધ્યાન દોરતાં ગંદકી કરનારન હવે ખેર નથી તેની તાકીદ કરી આવી કડક ચીમકી આપવામાં આવી છે અને ગંદકી કરનારના નામો પણ વોર્ડ ઓફિસમાં આપવા જણાવવામાં આવ્યું છે. આ સફાઈ અભિયાનમાં સ્થાનિક આગેવાનો પણ જોડાયા હતા તેમજ સ્થળ ઉપર મેલેરિયા અંગેનું પ્રદર્શન પણ રાખવામાં આવ્યું હતું. જેને સેંકડો લોકોએ નિહાળીને માર્ગદર્શન મેળવ્યું હતું. ટૂંક સમયમાં સૌથી ગંદી ઝુંપડપટ્ટી સ્વચ્છ થતાં ખાસ કરીને બાળકો અને મહિલાઓએ ખૂબ જ ખુશી વ્યકત કરી મહાનગરપાલિકાના માનવીય અભિગમની મુકત કંઠે સરાહના કરી હતી.

TOP

## 'વર્લ્ડ નો ટોબેકો ડે '(World No Tobacco Day)' ની ઉજવણીના ભાગ રૂપે 'તમાકુ વ્યસન–મુકિત કિલનીક' ની શરુઆત તથા 'યુ કેન કવીટ (You can QUIT)' વિષય પર પરીસંવાદ તાલીમ કાર્યક્રમનું આયોજનઃ–

દર વર્ષે ૩૧ મે ના રોજ દુનિયાભરમાં 'વર્લ્ડ નો ટોબેકો ડે (World No Tobacco Day)' ની ઉજવણી થાય છે જેમા તમાકુના વપરાશ સાથે સંબંધીત સ્વાસ્થયના જોખમો તથા તમાકુના સેવન ઘટાડવા માટેની અસરકારક નીતીઓ વિષે ચર્ચા થાય છે. તમાકુથી આશરે દર વર્ષે વિશ્વ ભરમાં ૬૦ લાખ લોકો મૃત્યુ પામે છે. જેમાંથી ૬ લાખ લોકો આડકતરી રીતે (ધુમ્રપાન/તમાકેનો વપરાશ ન કરતા હોય છતા) તમાકુના કારણે મુત્યુ પામે છે. આ વર્ષે ૩૧ મે ના રોજ 'તમાકુની જાહેરાત, પ્રચાર કે પ્રયોજન પર નિષેધ' ના વિષય પર દુનિયા ભરમાં ઝુંબેશ ચલાવવામાં આવશે.

માનસિક રોગ વિભાગ, સ્મીમેર મેડિકલ કોલેજ, સુરત દ્વારા ૩૧ મે ના રોજ 'વર્લ્ડ નો ટોબેકો ડે (World No Tobacco Day)' ની ઉજવણીના ભાગ રૂપે 'તમાકુ વ્યસન–મુકિત કિલનીક' ની શરુઆત તથા 'યુ કેન કવીટ (You can QUIT)' વિષય પર પરીસંવાદ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમ સ્મીમેર મેડિલ કોલેજ ખાતે 'ડી બ્લોક લેકચર થીયેટરમાં સવારે ૧૦ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધી રાખવામાં આવેલ છે.

'તમાકુ વ્યસન–મુકિત કિલનીક' (Tobacco Cessation Clinic) – સ્મીમેર હોસ્પિટલ ખાતે તમાકુ વ્યસન–મુકિતની સલાહ સારવાર તથા તાલીમ માટેનું ખાસ કેન્દ્ર બની રહેશે (વધુ માહિતી બીડેલ છે)

'યુ કેન કિવટ' ૮થઃ૭ 'બ્દ્ય ષ્ગયતદ્ભ કાર્યક્રમ – 'તમાકુનુ વ્યસન / વ્યસન–મુકિત' વિષય પર સુરત શહેરના પોલીસ કર્મચારીઓ/ અધિકારીઓ તથા સ્મીમેર હોસ્પિટલના તબીબો / પેરામેડીકલ સ્ટાફ માટે પરીસંવાદ/તાલીમ કાર્યક્રમ છે.

કેટલાક તથ્યોઃ

– દુનિયાભરમાં પુખ્ત વયના વ્યકિતઓમાં ૧૦ મા થી ૧ વ્યકિત તમાકુને કારણે મુત્યુ પામે છે.
– આશરે દરરોજ ૨૨૦૦ તથા વર્ષે ૧૦ લાખ ભારતીયો તમાકુને કારણે મૃત્યુ પામે છે, જે એડ્સ, ટી.બી. અને મલેરીઆ જેવા રોગોના સંયુકત મૃત્યુ દર કરતા પણ વધારે છે.
– દુનિયા ભરમાં 'મોઢાના કેન્સર' સૌથી વધુ ભારતમાં જોવા મળે છે. તથા ભારતમા ૩૦–૫૦% કેન્સરના દર્દીઓને 'મોઢાના કેન્સર' હોય છે. જેમાં ૯૫ % તમાકુનું સેવન કરનારા વ્યકિતઓમાં જોવા મળે છે.
– તમાકુનું વ્યસન એક માનસિક બીમારી છે. જેમાં જૈવીક, માનસીક અને સામાજીક કારણો કામ કરે છે અને તેથી વ્યસન મુકિત માટે સારવાર જરૂરી છે.
– ધુમ્રપાન કરનારા ૪ માંથી ૩ વ્યકિત ધુમ્રપાન છોડવા માગતા હોવા છતા, વ્યસન મુકિતની સારવાર વગર સ્વપ્રયત્ને છોડવામાં મુશ્કેલી અનુભવે છે.

આમ તમાકુ નિયંત્રણના દરેક પ્રયત્ન જો તમાકુ વ્યસન મુકિત સાથે સંકળાય તો તેની અસરકારકતા ઘણી વધી શકે એમ છે.

TOP

## પશ્ચિમ ઝોન (રાંદેર) હેઠળના વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા પ્રિ–મોન્સુન કામગીરી અંતર્ગત કરવામાં આવેલ ઝુંબેશરૂપી કામગીરી.

સુરત શહેરમાં આગામી ચોમાસાની ઋતુ દરમ્યાન મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ રહે તે માટે તે કમિશનરશ્રીના આદેશાનુસાર કાર્યવાહી હાથ ધરવા આદેશ કરેલ હોય પશ્ચિમ ઝોન (રાંદેર) વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા આજરોજ તા.૩૦/૦૫/૨૦૧૩ ના રોજ રૂટિન કામગીરી ઉપરાંત બપોર બાદ પાલનપુર કેનાલ રોડ ખાતે આવેલ ટી.પી.નં.૦૯ ખાતે આવેલ કુલ ૧૩૮ રહેણાંક ઘરોમાં ઘર વપરાશી પાણીના કુલ ૨૬૨ સંગ્રહ સ્થાનો ચેક કરવામાં આવેલ.

વધુમાં આ વિસ્તારમાં આવેલ કુલ ૦૭ બાંધકામો ખાતે ચકાસણી કરતાં નક્ષત્ર સોલિટેરના બાંધકામની કુંડીમાં મચ્છરનું બ્રિડીંગ (પાણીપોરા) માલુમ પડતાં તેનો સ્થળ ઉપર નાશ કરાવવાની કામગીરી હાથ ધરી વહીવટી પરચુરણ ખર્ચ પેટે અંકે રૂા.૫૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ. સદર બાંધકામ ખાતે કામ કરતાં ૦૨(બે) મજૂરોને તાવ માલુમ પડતાં તેઓની તથા અન્ય સાથી મજુરો સહીત કુલ ૨૭ મજૂરોના લોહીના નમુના મેલેરીયાના પરિક્ષણ અર્થે એકત્ર કરવામાં આવેલ છે. સદર બાંધકામ ખાતે રાખવામાં આવેલ ખુલ્લી સીંન્ટેક્ષ ની કુલ–૦૨ (બે) ટાંકી પણ મચ્છર જન્ય પરિસ્થિતિનું નિર્માણ ન કરે તે બદલ જપ્ત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.

જ્ઞાનદીપ નગર સોસાયટીના ઘર નં.બી/૪૧ ના રહીશ ના ઘરની સીંન્ટેક્ષ ટાંકીમાં મચ્છરનું બ્રિડીંગ માલુમ પડતા તેના સ્થળ ઉપર નાશ કરવા ઉપરાંત રૂા.૧૦૦૦/– વહીવટી પરચુરત ખર્ચની વસુલાત કરવામાં આવેલ.

આથી જાહેર જનતાને જણાવવાનું કે તમારા ઘરે આવતાં સર્વેલન્સ કર્મચારીને સંપૂર્ણ સાથ સહકાર આપી તેઓ સુચવે તે મુજબ કામગીરી કરાવડાવી મચ્છર જન્ય પરિસ્થિત સંપૂર્ણ પણે નિયંત્રણ હેઠળ રાખવા સહભાગી થવા અનુરોધ છે.

TOP

## સુરત મહાનગરપાલિકાના આરોગ્ય નિરીક્ષક, આરોગ્ય નિરીક્ષક સહિત આરોગ્ય વિભાગના સ્ટાફની કુલ–૫ (પાંચ) ટીમ બનાવી બીનઆરોગ્ય પ્રદ કેરીઓ બાબત ઝુંબેશઃ–

સુરત મહાનગરપાલિકાના ડે. કમિશનર (હે. એન્ડ હો.) સાહેબશ્રીની સુચના મુજબ સાઉથઝોન (ઉધના) ના નાયબ આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ મુખ્ય આરોગ્ય નિરીક્ષક, આરોગ્ય નિરીક્ષક સહિત આરોગ્ય વિભાગના સ્ટાફની કુલ–૫ (પાંચ) ટીમ બનાવી બીનઆરોગ્ય પ્રદ કેરીઓ બાબત ઝુંબેશરૂપે કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જેમાં બમરોલી, પાંડેસરા, વિજયાનગર, ઉન તેમજ વડોદ વિસ્તારમાંથી કુલ ૪૩ કિ.ગ્રા. બીન આરોગ્યપ્રદ કેરી જપ્ત કરી જંતુનાશક દવનો છંટકાવ કરી ડિસ્પોઝલ સાઈટ પર નાશ કરાવેલ છે. અને કસુરવાર કુલ. ૪૪ ઈસમો પાસેથી રૂા.૫૧૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.

વધુમાં શહેરી જનોને જણાવવાનું કે પાકી કેરીઓ ખરીદતા પહેલા કાર્બાઈડ પાવડરમાં પકવવામાં આવેલ છે કે કેમ ? તે અંગેની ચકાસણી કર્યા બાદ જ ખરીદવી.

TOP

## સુરત મહાનગરપાલિકાનાં ડે. કમિશનરશ્રી (હે. એન્ડ હો.) સુચના મુજબ સુરત બારડોલી રોડ ઉપર મહાત્માં ગાંધી વેજીટેબલ ફ્રુટ માર્કેટ તથા આઝાદ ફ્રુડ માર્કેટ વેપારીઓને ત્યાં આરોગ્યલક્ષી નિરીક્ષણ :–

સુરત મહાનગરપાલિકાનાં ડે. કમિશનરશ્રી (હે. એન્ડ હો.) સુચના મુજબ સાઉથ (ઉધના) ઝોનનાં નાયબ આરોગ્ય વિભાગ તથા મહાનગરપાલિકાના ફુડ વિભાગનાં ફ્રુડ સેફટી ઓફિસરો ધ્વારા હાલની ઉનાળાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સુરત બારડોલી રોડ ઉપર મહાત્માં ગાંધી વેજીટેબલ ફ્રુટ માર્કેટ તથા આઝાદ ફ્રુડ માર્કેટ વેપારીઓને ત્યાં આરોગ્યલક્ષી નિરીક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ફ્રુડ સેફટી ઓફિસરો તથા મુખ્ય આરોગ્ય નિરીક્ષક, આરોગ્ય નિરીક્ષકોની બનેલી ટીમોએ આ માર્કેટનાં સ્ટોલોમાં સઘન ચેકીંગ હાથ ધરી કેરી પકવવા માટે ઉપયોગમાં લેવામાં આવતો પ્રતિબંધીત કાર્બાઈડ પાઉડરનો ૧૬.૨૦૦ કિલોગ્રામ જેટલો જથ્થો જપ્ત કરીને બિનઆરોગ્યપ્રદ ૧૧૨૦ કિલોગ્રામ જેટલી કેરીનો નાશ કરવામાં આવેલ હતો. તેમજ કુલ ૫૦ સ્ટોલ ધારકો પાસેથી રૂા.૪૯,૫૦૦/– વહીવટી ખર્ચ પેટે વસુલ કરવામાં આવ્યા હતા.

મહાત્મા ગાંધી ફ્રુડ માર્કેટ તેમજ આઝાદ માર્કેટનાં સંચાલકોને માર્કેટનાં આંતરિક માર્ગોની નિયમિત દૈનિક સફાઈ કરાવવા સુચનો આપવામાં આવેલ. માર્કેટનાં વેપારીઓ તેમના વ્યાપારીક કચરાનો ઢાંકણવાળી કચરાપેટીમાં એકત્રિત કરી કચરાપેટીમાં નિકાલ કરી તેમના સ્ટોલ અને તેની આજુબાજુ સ્વચ્છતા જાળવે તે બાબત તકેદારી રાખવા જણાવેલ અને આરોગ્યને હાનિકારક પદાર્થોને વપરાશ ન કરે તે બાબતે ચેતવણી આપવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર) દ્વારા પાકાં મકાનો તથા કમ્પાઉન્ડ વોલનાં બાંધકામો દૂર કરી, રસ્તાનો કબ્જો લઈ જાહેર જનતા માટે ટી.પી. રસ્તાં ખુલ્લા કરાવવામાં આવ્યાઃ–

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર) દ્વારા આજરોજ નીચે જણાવ્યાં મુજબનાં ટી.પી. રસ્તા ઉપર બનાવવામાં આવેલ પાકાં મકાનો તથા કમ્પાઉન્ડ વોલનાં બાંધકામો દૂર કરી, રસ્તાનો કબ્જો લઈ જાહેર જનતા માટે ટી.પી. રસ્તાં ખુલ્લાં કરાવવામાં આવેલ છે. જેનાથી ભવિષ્યમાં ટ્રાફિક તેમજ વાહન વ્યવહારની ઘણી સમસ્યા નિવારી શકાશે.

(૧) ટી.પી. સ્કીમ (પાલાનપોર), ફા. પ્લોટ નં.૫૭,૫૮, પંચવટી તથા અશોક વાટિકા સોસાયટી પાસે ૬૦'૦ ફૂટનાં ટી.પી.રસ્તા ઉપર બનાવવામાં આવેલ કમ્પાઉન્ડ વોલનાં બાંધકામો તોડી આશરે ૪૨૦૦ ચો.ફૂટ રસ્તાનો પ્રત્યક્ષ કબ્જો લઈ રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે.

(૨) ટી.પી.સ્કીમ નં.૧૩(અડાજણ), ફા.પ્લોટ નં.૨૫૯, સિલ્વર પાર્ક સોસાયટી પાસે ૬૦'૦ ફૂટનાં ટી.પી.રસ્તા ઉપર બનાવવામાં આવેલ પાકાં મકાનો તેમજ કમ્પાઉન્ડ વોલનાં બાંધકામો તોડી પાડી આશરે ૨૮૦૦ ચો.ફૂટ રસ્તાનો પ્રત્યક્ષ કબ્જો લઈ બોટલનેક ખુલ્લો કરવામાં આવેલ છે.

ઉપરોકત તમામ કામગીરી એડી.સી.ટી ઈજનેરશ્રીની સૂચનાથી કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ વિભાગ તથા દબાણના સ્ટાફ તેમજ સિકયુરીટી સ્ટાફ દ્વારા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવેલ છે.

TOP

## ભારત સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા જૂન માસે "મેલેરીયા વિરોધી માસ" તરીકે ઉજવવા નકકી કરેલ હોય, સુરતના મહાનગરપાલિકા દ્વારા તા.૦૧/૦૬/૨૦૧૩ નાં રોજ એક વિશાળ રેલીનું આયોજનઃ–



ભારત સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા જૂન માસે "મેલેરીયા વિરોધી માસ" તરીકે ઉજવવા નકકી કરેલ હોય, સુરતના મહાનગરપાલિકા દ્વારા શહેરની જનતામાં મચ્છરજન્ય રોગો નિયંત્રણમાં રાખવા માટે જનજાગૃતિ કેળવાય અને સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતી વાહકજન્ય રોગ નિયંત્રણની કામગીરીમાં પ્રજાનો સહકાર મળે તે હેતુસર તા.૦૧/૦૬/૨૦૧૩ નાં રોજ એક વિશાળ રેલીનું આયોજન કરેલ હતું. જે સવારે ૯–૦૦ કલાકે ઈસ્ટ ઝોનનાં હીરાબાગ અર્બન હેલ્થ સેન્ટરથી શરૂ કરી વિશાલનગર હાઈટેન્શન રોડ થઈ સ્વામીનારાયણ મંદિરના પટાંગણમાં પુર્ણ કરવામાં આવેલ હતી. રેલીનું પ્રસ્થાન મા.મેયરશ્રી રાજુભાઈ દેસાઈએ લીલી ઝંડી ફરકાવી કરવામાં આવ્યું. રેલીમાં શાસક પક્ષના નેતાશ્રી દયાશંકરસીંગ, રૂગ્ણાલય સમિતિના ચેરચનેશ્રી અનિલભાઈ ધનસુખભાઈ પટેલ, માજી સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ, મ્યુનિસપલ સદસ્યશ્રી, ડેપ્યુટી કમિશનર(હે. એન્ડ હો.) શ્રી આર.જે. પટેલ, આરોગ્ય અધિકારીશ્રીઓ, ઈ.ચા. જંતુનાશક અધિકારી, આંગણવાડી કાર્યકરો અને નાગરિકોએ ખૂબ જ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

પૂર્વી વિશાલનગર, ક્ષમા, ભકિતનગર–૨, હિંમતનગર અને લક્ષ્મીનારાયણનગર સોસાયટીના પ્રમુખશ્રીઓ અને સોસાયટીના સભ્યશ્રીઓ દ્વારા ફુલહારથી મા.મેયરશ્રી અને રેલીના પદાધિકારીશ્રઓનું સ્વાગત કરવામાં આવેલ. રેલીના સમાપનમાં ડેપ્યુટી કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પિ.) શ્રી આર.જે પટેલ દ્વારા લોકોમાં જનજાગૃતિ આવે અને મચ્છરજન્ય રોગો અંગે આવનાર ચોમાસામાં લેવા જોગ તકેદારીનાં પગલાઓની ખૂબ ઝીણવટપૂર્વક સમજણ આપવામાં આવેલ, અને મચ્છરજન્ય રોગોને નિયંત્રણ કરવામાં આપણા સૌની જવાબદારી અને ભાગીદારી છે. ત્યાર બાદ મા. મેયરશ્રીએ જણાવ્યું કે, મહાનગરપાલિકા મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે જરૂરી તમામ પગલા લઈ રહી છે. ત્યારે આ રોગના અટકાયત માટે પ્રજા જાગૃત થાય અને સાથ–સહકાર આપે તે જરૂરી છે. વધુમાં જયારે સુરત શહેરની ભૌગોલિક સ્થિતિ જોતાં અહીં વરસાદ, ભેજનું પ્રમાણ વધુ હોય, તેમજ પરપ્રાંતમાંથી રોજી–રોટી મેળવવા સુરત આવતા કામદારો વિગેરેને કારણે મેલેરીયાની પરિસ્થિતિ વણસે નહિ તે માટે મહાનગરપાલિકાને સતત ચાંપતી નજર નાગરિકોએ સહકાર આપવો જોઈએ. ધર આગળ પાણીના ખાબોચીયા ન થવા દેવા જોઈએ. પાણી ભરેલા વાસણો અઠવાડીયે એક વાર સાફ કરી હવાચુસ્ત / ઢ ાંકણ કાપડથી ઢાંકવા જોઈએ. તાવ આવે ત્યારે નજીકના શહેરી આરોગ્ય કેન્દ્ર પર જઈ લોહીની તપાસ કરાવી સંપૂર્ણ સારવાર લેવી જોઈએ. જેવી કે રસપ્રદ માહિતી આપી હતી.

રેલીના સમાપન બાદ આરોગ્ય અધિકારીશ્રીએ વાહકજન્ય રોગો વિષે વિસ્તૃત માહિતી આપી હતી. તેમાં મેલેરીયા, ડેંગ્યુ, ચિકુનગુનિયા અને હાથીપગા જેવા મચ્છરજન્ય રોગો વિષે મીડીયાને માહિતગાર કરેલ હતા, અને જાહેર જનતાને અનુરોધ કરેલ કે મચ્છરજન્ય રોગોને નિયંત્રણમાં રાખવા આપણા સર્વેની જવાબદારી છે. ઘરની ટાંકી, ટાંકાઓ, હવાચુસ્ત ઢાંકણ વડે પેક રહે તથા ધાબા પર રહેલ ટાયર, કંટેનરનો નિકાલ કરવો જોઈએ. ધાબાનું લેવલ સરખું કરવાથી પાણીનો સહેલાઈથી નિકાલ થઈ જશે.

સમગ્ર રેલીનું આયોજન મ્યુ. કમિશનરશ્રીની સુચનાનુસાર ડેપ્યુટી કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) શ્રી આર. જે. પટેલ અને આરોગ્ય અધિકારીશ્રી ડો. હેમંતભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ ઈ.ચા.જંતુનાશક અધિકારી ડો. કેશવ વૈષ્ણવ અને ઈસ્ટ ઝોનના આસી. જંતુનાશક અધિકારીશ્રી જે.પી.વાગડીયા અને તેમના સ્ટાફના સાથ–સહકાર દ્વારા કરવામાં આવેલ હતું.

TOP

## સુરત મહાનગરપાલિકા અને લક્ષ્મી સખી મહિલા મંડળ, લંબેહનુમાન, સુરતના સંયુકત ઉપક્રમે તા.૦૨/૦૬/૨૦૧૩ ના રવિવારના રોજ વિના મૂલ્યે આરોગ્ય નિદાન/ સારવાર કેમ્પનું આયોજન :–

સુરત મહાનગરપાલિકા અને લક્ષ્મી સખી મહિલા મંડળ, લંબેહનુમાન, સુરતના સંયુકત ઉપક્રમે, "વસંત ભીખાની વાડી, આંગણવાડી નંબર :૧૪ લંબેહનુમાન, વરાછા, સુરત ખાતે તા.૦૨/૦૬/૨૦૧૩ ના રવિવારના રોજ સવારે ૦૯/૦૦ થી બપોરે ૦૧/૦૦ કલાક દરમ્યાન વિના મૂલ્યે આરોગ્ય નિદાન/ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

ઉનાળા અને ચોમાસાની ઋતુમાં સામાન્ય રીતે રોગોનું પ્રમાણ વધવા પામે છે. જનજાગૃતિ દ્વારા આવા રોગો થતા કેવી રીતે અટકાવી શકાય તે બાબતની જાણકારી માટે પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ હેઠળ આ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

જેમાં નિષ્ણાંત તબીબો, ફીઝીશીયન, સ્ત્રી રોગના નિષ્ણાંત મારફતે તબીબી નિદાન કરી વિના મુલ્યે સારવાર આપવામાં આવશે અને વધુ સારવારની જરૂર જણાયે લાભાર્થીને રીફર કરવામાં આવશે, પ્રદર્શનમાં આરોગ્યલક્ષી જાણકારી, રોગ અટકાયતના પગલા અંગેનું માર્ગદર્શન આપવામાં આવશે. જેથી વસંત ભીખાની વાડીની આસપાસના તથા શહેરીનાગરીકોને કેમ્પનો બહોળા પ્રમાણમાં લાભ લેવા વિનંતી.

TOP

## તા.૩૧–મે ૨૦૧૩ ના ''વિશ્વ તમાકુ નિષેધ દિવસ'' નિમિત્તે સુરત મહાનગરપાલિકાના આરોગ્ય શાખા ધ્વારા નાગરિકો, તમાકુ અને તેની બનાવટનાં વ્યસન થી મુકત રહે તે હેતુથી એક રેલીનું આયોજનઃ–



તા.૩૧–મે ૨૦૧૩ ના ''વિશ્વ તમાકુ નિષેધ દિવસ'' નિમિત્તે સુરત મહાનગરપાલિકાના આરોગ્ય શાખા ધ્વારા નાગરિકો, તમાકુ અને તેની બનાવટનાં વ્યસન થી મુકત રહે તે માટે લોકોમાં જાગૃતિ આવે તે હેતુથી વરાછાઝોનમાં, વરાછા હેલ્થ સેન્ટરથી તા.૩૧–મે–૨૦૧૩ ના રોજ સવારે ૯–૩૦ કલાકે એક રેલીનું આયોજન કરવામાં આવેલ હતું.

આ રેલીમાં માનનીય મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈ, માજી અધ્યક્ષ સ્થાયી સમિતિ, શ્રી ભીમજીભાઈ વી. પટેલ, ડે. કમિશનર (હેલ્થ એન્ડ હોસ્પિટલ) શ્રી આર.જે.પટેલ, આરોગ્ય અધિકારી ડો. હેમંત દેસાઈ, નામયબ આરોગ્ય અધિકારી ડો. કે.આઈ. ખત્રી તથા તમામ ઝોનના નાયબ આરોગ્ય અધિકારીઓ, આસી. જંતુનાશક અધિકારીઓ, પ્રોસીકયુશન વિભાગના સે. ઈન્સ્પેકટર મહેશ નવસારીવાલા,વરાછા ઝોનનાં આરોગ્ય ખાતાનાં ચીફ.એસ.આઈ., એસ.આઈ.,એસ.એસ.આઈ., વી.બી.ડી.સી. વિભાગના કર્મચારીઓ હેલ્થ સેન્ટરના તમામ કાઉન્સેલરો, આઈ.સી.ડી.એસ. વિભાગના કર્મચારીઓ તથા હેલ્થ સેન્ટરના તમામ કાઉન્સેલરો, આઈ.સી.ડી.એસ. વિભાગના કર્મચારીઓ તથા પરિવર્તન વ્યસન મુકિત કેન્દ્રના શ્રીમતિ અરૂણાબેન ઠકકર અને તેમનો સ્ટાફ પણ ઉપસ્થિત રહ્યા હતા.

રેલીની શરૂઆતમાં હાજર મહાનુભાવોનું પુષ્પ ગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ ત્યારબાદ માનનીય મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈ સાહેબ દ્વારા લીલી ઝંડી બતાવીને રેલીનું પ્રસ્થાત કરવામાં આવેલ.

આ રેલી વરાછા હેલ્થ સેન્ટરથી શરૂ થઈ વરાછા મેઈનરોડ થઈ માનગઢચોક થઈ સરદાર સ્મૃતિ ભવન સુધી લઈ જવામાં આવેલ હતી. આ સ્થળે મેયરશ્રીએ રાજેન્દ્ર દેસાઈ સાહેબ અને ડે. કમિશનરશ્રી આર.જે.પટેલ સાહેબે, તમામ નાગરિકો તમામ નાગરિકો તમાકુના વ્યસનથી મુકિત રહે તે અને આવા વ્યસનથી થતી શારિરીક, માનસિક, આર્થિક નુકશાન થાય છે તે બાબતે વિગતવાર માહિતી આપી હતી. અને તમાકુનાં વ્યસનથી મુકત રહેવા અપીલ કરી હતી. વધુમાં વ્યસન મુકત રહેવા અપીલ કરી હતી. વધુમાં વ્યસન મુકત રહેવા નાગરિકોમાં જાગૃતિ આવે તે માટે આવા બીજા પ્રોગ્રામો પણ કરવામાં આવશે તેવું જણાવ્યું હતું.

TOP

## પશ્ચિમ ઝોન (રાંદેર) હેઠળના વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા પ્રિ–મોન્સુન કામગીરી અંતર્ગત કરવામાં આવેલ ઝુંબેશરૂપી કામગીરીઃ–

સુરત શહેરના આગમી ચોમાસાની ઋતુ દરમ્યાન મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ રહે તે માટે મે કમિનરશ્રીના આદેશાનુસાર કાર્યવાહી હાથ ધરવા આદેશ કરેલ હોય પશ્ચિમ ઝોન (રાંદેર) વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા આજરોજ તા.૦૧/૦૬/૨૦૧૩ ના રોજ રૂટિન કામગીરી ઉપરાંત બપોર બાદ શિતલ ટોકિઝ પાસેની ઝંપડપટ્ટી અડાજણ, પાલ–હજીરા રોડ, હિદાયત નગર, પાલનપુર ગામ, તથા વિજયા લક્ષ્મી સોસાયટી રાંદેર વિસ્તારમાંથી મચ્છર જન્ય પરિસ્થિતિ ઉત્પન્ન કરતા સાધન સામગ્રી જેવા કે **ટાયર ૨૯, કેરબા ૦૬, ડ્રમ ૦૭, માટલા ૦૭, માટીના વાસણો ૦૫, અન્ય સાધનો ૪૫, કુલ ૯૯,** નો નિકાલ કરવાની કામગીરી કરવામાં આવેલ છે. તેમજ પાલ–હજીરા રોડ ખાતે આવેલ ગેમન ઈન્ડીયા લી. ના પ્રોજેકટ ખાતે તપાસ કરતા મચ્છર જન્ય પરિસ્થિતિ માલુમ પડતા સ્થળ ઉપર રાખવામાં આવેલ ડ્રમ, કેરબા તેમજ પીપ મળી કુલ ૨૪ સાધન સામગ્રી જપ્ત/ નિકાલ કરવાની કામગીરી હાથ ધરી મચ્છરનું ન્યુસન્સ ઉપ્તન્ન કરવા સબબ રૂા.૧૦,૦૦૦ નો વહીવટી ખર્ચ વસુલાત પણ હાથ ધરવામાં આવેલ છે.

આથી જાહેર જનતાને જણાવવાનું કે તમારા ઘરે આવતા સર્વેલન્સ કર્મચારીને સંપૂર્ણ સાથ સહકાર આપી તેઓ સુચવે તે મુજબ કામગીરી કરાવડાવી મચ્છર જન્ય પરિસ્થિતિ સંપૂર્ણ પણે નિયંત્રણ હેઠળ રાખવા સહભાગી થવા અનુરોધ છે.

TOP

## કુદરતી તેમજ માનવસર્જિત આફતની પરિસ્થિતિ સર્જાય તેવા સમયે સેવા / સહાય કાર્યમાં સહભાગી થવા સંદર્ભેએક અગત્યની બેઠકનું :–

વાવાઝોડા, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આફતની પરિસ્થિતિ સર્જાય તેવા સમયે સેવા / સહાય કાર્યમાં સહભાગી થવા સંદર્ભે આપત્તિ વ્યવસ્થાનનાં ભાગરૂપે બચાવ, રાહત તેમજ પુનર્વસનની કામગીરી સરળ અને ઝડપી બને તે હેતુસર કયા વિસ્તારમાં, કયા પ્રકારની, કેટલા પ્રમાણમાં સેવા / સહાય પુરી પાડવા સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ ઈચ્છુક છે તે સુનિશ્ચિત કરી તેની પરસ્પર જાણકારી ઉપલબ્ધ થાય તે હેતુસર એક અગત્યની બેઠકનું સુરત પાલિકાધ્વારા તા.૦૭/૦૬/૨૦૧૩ ને શુક્રવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ગાંધીસ્મૃતિભવન, ટીમલીયાવાડ નાનપુરા, સુરત મુકામે આયોજન કરવામાં આવેલ છે જેમાં શહેરની તમામ સ્વૈચ્છિક સંસ્થાઓના હોદ્દેદાર/ પ્રતિનિધિઓને ઉપસ્થિત રહેવા અનુરોધ છે.

TOP

## ''પમી જુન વિશ્વ પર્યાવરણ દિન'' ની ઉજવણી નિમિત્તે ''એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ'' પ્રેરીત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત નિબંધ અને ચિત્રકા સ્પર્ધા આયોજન :–

પમી જુન ''વિશ્વ પર્યાવરણ દિન'' ની ઉજવણી નિમિત્તે ''એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ'' પ્રેરીત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત નિબંધ અને ચિત્રકા સ્પર્ધા તા.૦૫/૦૬/૨૦૧૩ ને બુધવારના રોજ સવારે ૧૦ કલાકે નિબંધ સ્પર્ધા અને ૧૧.૩૦ કલાકે ચિત્રકામ સ્પર્ધાનું આયોજન TIFAC સેમીનાર હોલ, સાર્વજનિક કોલેજ ઓફ એન્જી. એન્ડ ટેકનોલોજી, ડો.આર.કે.દેસાઈ માર્ગ, મિશન હોસ્પીટલની સામે, અઠવાલાઈન્સ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા પર્યાવરણ પ્રમે નગરજનોને હાર્દિક નિમંત્રણ છે.

TOP

## નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં ડ્રેનેજ ખાતાની ટીમ મારફતે તા.૦૨/૦૬/૨૦૧૩ ના રવિવારના રોજ કરવામાં આવેલ ગટર જોડાણની કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૧) નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૩૫(કતારગામ) ફા.પ્લોટ નં.૨૫ રે.સ.નં.૩૫/૩ માં આવેલ શુભલક્ષ્મી રો–હાઉસ, રમણપાર્કની સામે, સીંગણપોર નવા મહોલ્લા પાસેના ટી.પી. રસ્તા પર ગટર જોડાણનું ગેરકાયદેસર કનેકશન માટે રસ્તો ખોદાણ કરતા હોવાની ફરીયાદ મળેલ. જે અન્વયે તા.૦૨/૦૬/૨૦૧૩ ના રોજ સ્થળ પર રૂબરૂ જઈ ગટર જોડાણ અંગે મંજુરી વગર રસ્તા ખોદવાની કામગીરી બંધ કરાવવામાં આવેલ. તેમજ પરવાનગી મેળવી ડ્રેનેજ કનેકશન કરવાની સુચના આપવામાં આવેલ. મંજુરી મેળવ્યા વગર રસ્તો ખોદાણ કરવા બાબતે રૂા.૨૫,૦૦૦/– વહીવટી ચાર્જ પ્રમુખશ્રી પાસેથી વસુલ લેવામાં આવેલ છે.

TOP

## ડ્રા.ટી.પી.સ્કીમ નં.૨૪ (મોટા વરાછા–ઉત્રાણ) તથા ડ્રા.ડી.પી.સ્કમી નં.૧૮ (મોટા વરાછા) માં ડિમોલીશનની કામગીરી :–

પૂર્વ (વરાછા) ઝોનમાં સમાવિષ્ટ મોટા વરાછા વિસ્તારમાં નીચે જણાવેલ સ્થળોએ ડિમોલીશનની કાર્યવાહી કરવામાં આવેલ.

ડ્રા.ટી.પી. સ્કીમ નં.૨૪ (મોટા વરાછા–ઉત્રાણ), ફા. પ્લોટ નં.૪૪/એ, બ્લોક નં.૧૮૩ માં આવેલ વૃંદાવન સોસાયટી વિભાગ–૧ ના મંજૂર પ્લાનમાં દર્શાવેલ ઓપન સ્પેસ વાળા ભાગમાં ગેરકાયદેસર દુકાનો બનાવવાના ઈરાદે આશરે ૩૦' × ૪૦' માપ વિસ્તારમાં આર.સી.સી. બીમ.,કોલમ તથા સ્લેબ લઈ ગ્રાઉન્ડ ફ્લોર સુધી તથા પ્રથમ માળે ચણતરની દિવાલોનું તથા આશરે ૩૦' × ૧૫' માપ વિસ્તારમાં પ્લીન્થ લેવલ સીધીનું ગેરકાયદેસર બાંધકામ કરેલ. જે આજરોજ દૂર કરવામાં આવેલ છે. ડિમોલીશન ચાર્જ પેટે રૂા.૧૦૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP

## નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં શહેર વિકાસ ખાતા ધ્વારા દબાણ ખાતા ધ્વારા દબાણ ખાતાની ટીમ મારફતે તા.૦૩/૦૪/૨૦૧૩ ના સોમવાર તથા તા.૦૪/૦૬/૨૦૧૩ ના મંગળવારના રોજ કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છેઃ–

(૧) નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં ટી.પી. સ્કમ નં.૨૫ (સીંગણપોર–ટુંકી) ફા.પ્લોટ નં.૫૪/ પૈકીમાં આવેલ નવનાથના ખાડા તરીકે ઓળખાતા વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ બાબતે મનાઈ હુકમ, કારણદર્શક નોટીસ તથા તાકીદનો પત્ર આપવામાં આવેલ. જેનો અમલ ન થતા સ્થળ ઉપર વારંવાર બાંધકામ અટકાવવા છતાં ચાલુ રહેતા અત્રેથી ચોથા માળ ના આશરે ૧૦૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. સ્લેબનું ગેરકાયદેસર બાંધકામ અત્રેથી દુર કરવામાં આવેલ છે. તથા ડીમોલીશન વહીવટી ચાર્જ પેટે રૂા.૨૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૨) ટી.પી.સ્કીમ નં.૧૯ (કતારગામ), વિસ્તારમાં અમરોલી બ્રિજના કતારગામ છેડે આવેલ તાપી નદીના પાળાને લાગુ, કતારગામ વોટર વર્કસની સામે પાળાની ૩૦.૦૦ મીટર પહોળાઈમાં કુલ ૪૦ કુટુંબોએ તંબુ તાણી ઝુંપડા બનાવી વસવાટ કરતા હોવાનું જણાતા તેઓને દુર કરવા એડી. સીટી. ઈજનેરશ્રીની સુચના અને કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ ઝોનના ત્રણ ડે. ઈજનેરો, શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતું, અને સીકયુરીટી સ્ટાફે સ્થળે જઈ ઝુંપડાનું દબાણ હટાવવાની કાર્યવાહી હાથ ધરી હતી. આ કામગીરી દરમ્યાન સંઘર્ષ થશે તેમ જણાતા ૧૦૦ નંબર ડાયલ કરી પોલીસની પી.સી.આર. વાન બોલાવવામાં આવેલ. ત્યારબાદ આ કામગીરી સુપરે પાર પાડવામાં આવેલ.

TOP

## ઈમ્પેકટ ફી બાબતે નવા સ્થાયી સમિતિ સભાખંડ એક મીટીંગનું આયોજનઃ–

તા.૦૪–૦૬–૨૦૧૩ ના રોજ સાંજે ૬–૦૦ કલાકે ઈમ્પેકટ ફી બાબતે એક મીર્ટીગનું આયોજન નવા સ્થાયી સમિતિ સભાખંડમાં મા. મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું. ઉકત મીટીંગમાં મા. મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, મા. મેયર શ્રીમતી વર્ષાબેન રાણા, શાસક પક્ષના નેતાશ્રી દયાશંકરસિંહ ઉપરાંત મહાનગરપાલિકાના વિવિધ ઝોનના ઝોનલ ચીફશ્રીઓ, ઝોનલ અધિકારીશ્રીઓ, શહેર વિકાસ વિભાગના અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા.

રાજય સરકાર ધ્વારા ગેરકાયદેસર બાંધકામોને કાયદેસર કરવા માટે કાયદો અમલમાં આવ્યો છે અને તેના અમલીકરણ બાબતે મા. શહેરી વિકાસ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ પણ સક્રિય છે. સુરત શહેરમાં લોકો પોતાના ગેરકાયદેસર બાંધકામને કાયદેસર કરાવવા માટે આ કાયદાનો મહત્તમ ઉપયોગ કરે તે માટે આજની મીટીંગનું આયોજન કરવામાં આવેલ. મીટીંગમાં ઈમ્પેકટ ફીની અરજીઓ સ્વીકારવા માટે દરેક ઝોનમાં લોકોને માહિતી મળી રહે તે માટે એક સેન્ટરનું ઉભું કરવાની રજૂઆત થઈ હતી. ઓગષ્ટ મહીના સુધીમાં જેટલી અરજીઓ આવે તે અરજીઓ સ્વીકારી ટીમ વર્કથી આ કામો કરવા મા. મેયરશ્રી સુચન કરેલ ડે. મેયરશ્રીએ લોકોમાં જાગૃતિ લાવવા માટે રેલીનું આયોજન કરવાનું સુચન કર્યુ઼ હતું. આ બેઠકમાં ઝોનવાઈઝ ઈમ્પેકટ ફીની અરજીનો, તેનો સ્વીકાર, દર અરજીઓ તેમજ ઈમ્પેકટ ફીની આવક બાબતનો રીવ્યુ કરવામાં આવ્યો હતો.

વધુમાં મા. મેયરશ્રીએ શહેરના "૦" દબાણ રોડ ઉપરના દબાણો દુર કરવા, પે એન્ડ પાર્કમાં થતા અન્ય દબાણો દુર કરવા ખાતાના અધિકારીશ્રીઓને જણાવ્યું હતું. આવનાર ચોમાસા પહેલા પ્રિ–મોન્સુનની કામગીરીરૂપ શહેરના સર્વિસ રોડોને રીપેર કરવાનું તેમજ જયાં વરસાદી પાણી ભરાય છે ત્યાં વોટર રીચાર્જીંગની કામગીરી કરવા પણ જણાવ્યું હતું. આ ઉપરાંત મા. મેયરશ્રીએ ચૌટાપુલના એલાઈમેન્ટ બાબતે અને જાહેર રસ્તાઓના ધાર્મિક સ્થળોએ દુર કરવા સુચના આપી હતી. જે ઝુપડપટ્ટીઓને વૈકલ્પિક વ્યવસ્થા આપી ખસેડવામાં આવે છે તેની જે કટ ઓફ ડેઈટ છે તે સુધારવા માટે પણ મા. મેયરશ્રીએ જરૂરી દરખાસ્ત કરવા સુચના આપી. શાસક પક્ષના નેતાશ્રી દયાશંકર સિંહએ સ્થાયી સમિતિમાં જે કામો મંજુર થયા છે તેને તાકીદે પુરા કરવા અને સાથોસાથ કામની ગુણવત્તા પણ જાળવવા માટેનું સુચન કયું. હતું. આ ઉપરાંત જયાં શાકમાર્કેટ નથી ત્યાં રોડ પર દબાણ થાય છે તેઓને વૈકલ્પિક વ્યવસ્થા આપી આ દબાબણો દુર કરવા જણાવ્યું હતું.

TOP

## વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૦૫/૦૬/૨૦૧૩નાં રોજ સાઉથ ઝોન (ઉધના) વિસ્તારમાં શાંતિકુંજ ગાર્ડનની ઉદ્‌ઘાટનવિધિ તેમજ વૃક્ષારોપણ કાર્યક્રમ:–





વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૦૫/૦૬/૨૦૧૩નાં રોજ સાઉથ ઝોન (ઉધના) વિસ્તારમાં શાંતિકુંજ ગાર્ડનની ઉદ્‌ઘાટનવિધિ તેમજ વૃક્ષારોપણ કાર્યક્રમ મા. મેયરશ્રી રાજેન્દ્રભાઈ એ. દેસાઈ(રાજુભાઈ દેસાઈ)ના વરદ્‌હસ્તે સંપન્ન કરવામાં આવી.

સાઉથ ઝોન (ઉધના) ટી.પી.સ્કીમ નં.૪૮(ભેસ્તાન), ફા.પ્લોટ નં.૭૧, નવીન ફલોરીન ગાર્ડનની સામે આવેલ શહેરી આરોગ્ય કેન્દ્રની સામે,ભેસ્તાન, સુરત ખાતે **રૂા.૧૫.૮૪ લાખના ખર્ચે ૪૭૫.૫૯ ચો.મી.** વિસ્તારમાં સાકારિત શાંતિકુંજની ઉદ્‌ઘાટનવિધિ મા. મેયરશ્રી રાજેન્દ્ર એ. દેસાઈ(રાજુ દેસાઈ) નાં વરદ્‌હસ્તે સંપન્ન કરવામાં આવી. આ શાંતિકુંજમાં કંમ્પાઉન્ડ વોલ, વોક–વે, પેવર બ્લોક, ગઝેબો જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. આસપાસના વિસ્તારનાં સીનીયર સીટીઝનોના વિરામ માટે તેમજ પર્યાવરણની જાળવણીના હેતુ માટે આ શાંતિકુંજ સાકારિત કરવામાં આવેલ છે.

આ ઉપરાંત ઉન પ્રાથમિક શહેરી આરોગ્ય કેન્દ્રની ખુલ્લી જગ્યામાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ એ. દેસાઈ(રાજુભાઈ દેસાઈ), મા. સાંસદશ્રી સી. આર.પાટીલ, મા. ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, મા. ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ, ડે. મેયર શ્રીમતી વર્ષા રાણા,શાસક પક્ષના નેતાશ્રી દયાશંકર સિંહ તથા અન્ય મહાનુભવો, નગરસેવકો, નગરજનો અને રાયન શાળાના વિદ્યાર્થીઓ / શિક્ષકોના સહયોગથી વૃક્ષોના રોપાનું પ્લાન્ટેશન કરવામાં આવેલ. આ પ્રસંગે બહોળી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહેલ હતા.

TOP

## રીઝયોનલ સેન્ટર ફોર અર્બન એન્ડ એન્વાયમેન્ટલ સ્ટડીસ (RECUES) ઓફ ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ–ગર્વમેન્ટ, મુંબઈ મહારાષ્ટ્રના જલગાંવ, અકોલા, ઘુલે, કલ્યાણ–ડોંજાવલી, નાંદેડ–વઘાલા નાગપુર વિગેરે શહેરોના ૪૩ સદસ્યોની ટીમ સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રોજેકટોની કામગીરી અંગે નીરીક્ષણઃ–



રીઝયોનલ સેન્ટર ફોર અર્બન એન્ડ એન્વાયમેન્ટલ સ્ટડીસ (RECUES) ઓફ ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ–ગર્વમેન્ટ, મુંબઈ મહારાષ્ટ્રના જલગાંવ, અકોલા, ઘુલે, કલ્યાણ–ડોંજાવલી, નાંદેડ–વઘાલા નાગપુર વિગેરે શહેરોના ૪૩ સદસ્યોની ટીમ સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રોજેકટોની કામગીરી અંગે નીરીક્ષણ કરવા માટે સુરત આવેલી હતી. તા.૦૪/૦૬/૨૦૧૩ અને તા.૦૫/૦૬/૨૦૧૩ ના રોજ સુરત મહાનગરપાલિકા જુદા જુદા પ્રોજેકટો જેવા કે ઉગત બોટનિકલ ગાર્ડન, રાંદેર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, વિયર–કમ–કોઝવે, ફલડ પ્રોટેકટીવ પ્રોજેકટ, હાઉસીંગ પ્રોજેકટ, કોસાડ,ઉમ્મીદ સેન્ટર, સી.સી.રોડ, સાયન્સ સેન્ટર, ઈન્ડોર સ્ટેડિયમ, ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન, બાયો મેડીકલ વેસ્ટ, ખજોદ ડીસ્પોઝલ સાઈટ, ટ્રાન્સફર સ્ટેશન, બાયોગેસ પ્લાન્ટ, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ વિગેરેની પ્રોજેકટોની કામગીરી અંગેની જાણકારી મેળવેલ હતી.

સુરત મ્યુ. કોર્પોરેશનના શ્રી આર.જે. પટેલ, ડે.કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પીટલ) ની અઘ્યક્ષતા હેઠળ સુ.મ.પા.ના અધિકારીઓ સાથે મહારાષ્ટ્રના જુદા જુદા શહેરના ડે.કમિશનરશ્રી, આસી. કમિશનરશ્રી, અધિકારીઓ અને કોર્પોરેટરો સાથે મીટીંગ કરવામાં આવી હતી તથા પ્રેઝન્ટેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડે.કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પીટલ) દ્વારા અકોલા મ્યુ. કોર્પોરેશનના ડે.કમિશનરશ્રી ચંદ્રશેખરનું પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું. સીટી ઈજનેરશ્રીએ સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રોજેકટો, ઈન્ફાસ્ટ્રકચર, કોર્પોરેશન આવક પ્રોપર્ટી ટેક્ષ, યુઝરચાર્જીસ, વ્હીકલટેક્ષ, ઈન્ક્રીમેન્ટલ ઈન્કમ, વોટરવર્કસ, કહબમબ સીસ્ટમ, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, રીફયુઝ ટ્રાન્સફર સ્ટેશન, બીઆરટીએસ સીસ્ટમ, લીકવીડ વેસ્ટ ઈલેકટ્રીક સીટી, બાયોગેસ પાવર, સોલીડ ટુ વેસ્ટ એનર્જી, વીન્ડ પાવર પ્લાન્ટ, ઈ–ગર્વનન્સ જેવીકે મોબાઈલ ઉપર જાણકારી, ઈ–ટેન્ડરીંગ, ઈન્ફર્મેશન થ્રુ કોક, હયુમન મીલ્ક પ્રોજેકટ, ''યશોદા'' સેન્ટ્રલ બાયો મેડીકલ વેસ્ટ, એજયુકેશન, ઉમ્મીદ પ્રોજેકટ, ટર્શરી ટીટમેન્ટ પ્લાન્ટ, રીક્રીએશન માટે સંજીવકુમાર ઓડીટોરીયમ, તાપી રીવર ફ્રન્ટ, વોટર સ્પોર્ટ, એમ્યુઝમેન્ટ પાર્ક, હેરીટેજ કન્ઝર્વેશન અંગેનું પ્રેઝન્ટેશન રજુ કર્યુ હતું.

મનપાના વિવિધ પ્રોજેકટો તથા પ્રેઝન્ટેશન નિહાળી ટીમના સદસ્યો અત્યંત પ્રભાવિત થયા હતા અને તેઓએ શાસક તેમજ વહીવટી પાખના સંકલનને બિરદાવી વિકાસના કાર્યોને વેંગવંતા બનાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

TOP

## ૫મી જૂનનો દિવસ આખા વિશ્વમાં "વિશ્વ પર્યાવરણ દિન" નિમિત્તે "એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ" પ્રેરીત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત નિબંધ અને ચિત્રકામ સ્પર્ધાનું આયોજનઃ–



૫મી જૂનનો દિવસ આખા વિશ્વમાં "વિશ્વ પર્યાવરણ દિન" તરીકે ઉજવાય છે. ૫મી જુન "વિશ્વ પર્યાવરણ દિન"ની ઉજવણી નિમિત્તે "એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ" પ્રેરીત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત નિબંધ અને ચિત્રકામ સ્પર્ધાનું આયોજન તા.૦૫/૦૬/૨૦૧૩ને બુધવારના રોજ TIFAC સેમીનાર હોલ, સાર્વજનિક કોલેજ ઓફ એન્જી. એન્ડ ટેકનોલોજી, ડો.આર.કે.દેસાઈ માર્ગ, મિશન હોસ્પીટલની સામે, અઠવાલાઈન્સ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું.

સુર્યપુર રત્ન એવોર્ડ વિજેતા શ્રી નિમેષભાઈ વશી અને રામકૃષ્ણ ચેરીટેબલ ટ્રસ્ટના શ્રી ગોવિંદભાઈ ધોળકિયા તરફથી સુરતને "ચોખ્ખું અને હરિયાળું" બનાવવા માટે મળેલ અનુદાનના વ્યાજમાંથી "એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ" પ્રેરિત સુરત મહાનગરપાલિકા દર વર્ષે શહેરના બાળકો અને નગરજનોમાં પર્યાવરણ અને તેને લગતા વિષયો બાબતે જાણકારી વધે તે હેતુસર વિશ્વ પર્યાવરણ દિનને લગતા વિવિધ વિષયો ઉપર આધારિત ધોરણ ૪ થી ૭ અને ધોરણ ૮ થી ૧૦ એમ બે વિભાગ માટે નિબંધ સ્પર્ધા અને ચિત્રકામ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તાપી બચાવો, કુદરતી સંપદા એટલે વૃક્ષો, ગ્લોબલ વોર્મીગ– "જીવ સંતુલન માટે ભારે સંકટ", પર્યાવરણ જાગૃતિ સમાજની જવારદારી જેવા વિષયો પર આધારિત નિબંધ સ્પર્ધા જયારે વૃક્ષો વાવો પૃથ્વી બચાવો, જાહેર સફાઈ, કુદરતી દ્રશ્ય, વાર્તાચિત્ર, ગ્લોબલ વોર્મિંગ, કુદરતની અણમોલ દેન પર્યાવરણ, પર્યાવરણ બચાવો દેશ બચાવો અને કુદરતના ખોળે પિકનીક જેવા વિષયો પર આધારિત ચિત્રકામ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધાઓમાં ૧૭૫થી પણ વધુ સ્પર્ધકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

| | | નિબંધ સ્પર્ધા | | ચિત્રકામ સ્પર્ધા | |
|---|---|---|---|---|---|
| ગ્રુપ | વિજેતાક્રમ | વિજેતા / શાળાનું નામ | | વિજેતા / શાળાનું નામ | |
| (ધો.૪ થી ૭) | પ્રથમ | પ્રિયાંશી વિજયભાઈ ઢીમર – એસ. બી. વી. શાળા | | પટેલ હિતેષી મનિષકુમાર–જીવનભારતી સ્કુલ | |
| | દ્વિતીય | ધ્રુવ ચંદુભાઈ સાવલીયા – સિવિલાઈઝ મોર્ડન સ્કુલ | | પટેલ મેઘ રાકેશભાઈ–એલ.પી.સવાણી સ્કુલ | |
| | તૃતીય | દ્રષ્ટિ ભાવેશભાઈ દવે – એકસપરીમેન્ટલ સ્કુલ | | પ્રિયમ કાપડિયા–લુડ્ઝ કોન્વેન્ટ સ્કુલ | |
| | આશ્વાસન | ૧ | શ્રેય શૈલેષભાઈ પટેલ – ભૂલકા ભવન શાળા | ૧ | શાહ આગમ પરેશભાઈ–ભૂલકા વિહાર શાળા |
| | | ૨ | દેવ મનોજકુમાર કાપડિયા સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ | ૨ | પટેલ સાર્થ એસ. – ભૂલકા ભવન શાળા |
| | | | | ૩ | શૈલી કુંકરેજા – સેવન્થ ડે સ્કુલ |
| | | | | ૪ | પટેલ કુશ હરેશભાઈ – એલ.પી.સવાણી સ્કુલ |
| | | | | ૫ | પ્રજ્ઞા વી. માલપાની–દિલ્હી પબ્લીક સ્કુલ |
| | | | | | |
| ગ્રુપ | વિજેતાક્રમ | વિજેતા / શાળાનું નામ | | વિજેતા / શાળાનું નામ | |
| (ધો.૮ થી ૧૦) | પ્રથમ | વિશ્વ પ્રવિણકુમાર પટેલ જે. એચ. અંબાણી સ્કુલ | | હળપતિ જય વી. મહર્ષિ આસ્તિક સાર્વજનિક હાઈસ્કુલ | |
| | દ્વિતીય | કાર્તિક કમલેશભાઈ ગાંડલિયા શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ વિદ્યાલય | | પટેલ ધવલ મહેન્દ્રભાઈ શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ વિદ્યાલય | |
| | તૃતીય | સિધ્ધી રાજુભાઈ રામસ્નેહી બાઈ પી.એમ. પટેલ હાઈસ્કુલ | | કરણ આર. જરીવાળા એકસપરિમેન્ટલ સ્કુલ | |

| | | | | |
|---|---|---|---|---|
| | આશ્વાસન | ૧ | ધવલ મહેન્દ્રભાઈ પટેલ<br>શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ વિદ્યાલય | ભાટિયા કાજોલ પ્રમોદભાઈ<br>સાર્વજનિક હાઈસ્કુલ |
| | | ૨ | ઈશા મનોજભાઈ કાપડિયા<br>એકસપરિમેન્ટલ સ્કુલ | ભાટિયા કરિશ્મા પ્રમોદભાઈ<br>સાર્વજનિક હાઈસ્કુલ |
| | | | | કાર્તિક કમલેશભાઈ ગોંડલિયા<br>શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ વિદ્યાલય |

આ પ્રસંગે સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી ઉર્વશીબેન રામીમાળી, ગૃહનિર્માણ અને ઉદ્યાન સમિતિ અધ્યક્ષા શ્રીમતી મીનાબેન હિંગુ, કાયદા સમિતિ અધ્યક્ષાશ્રી કુ.લક્ષ્મીબેન આર. ચોપરે, મ્યુ.સભ્યશ્રી વિજયભાઈ માસ્તર, શ્રી રંજનબેન પટેલ, ચીફ કયુરેટરશ્રી ભામિનીબેન મહિડા, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ અને પર્યાવરણ પ્રેમી નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. નિર્ણાયક તરીકે શ્રી નયનાબેન પવાર, શ્રી મયંકભાઈ કાપડિયા અને શ્રી

વિજયભાઈ દેવાધરાએ સેવા આપી હતી. સ્પર્ધાના વિજેતાઓને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે રોકડ પુરસ્કાર, ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરી સન્માનીત કરવામાં આવ્યા હતા. ભાગ લેનારા તમામ સ્પર્ધકોને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર અને સ્મૃતિભેટ આપવામાં આવ્યા હતા. ''ટાઈફેક'' સંસ્થાએ પોતાનો એ.સી.હોલ તથા અન્ય સુવિધા પુરી પાડી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## "વિશ્વ પર્યાવરણ દિન" નિમિત્તે જનજાગૃતિ અંતર્ગત પ્રતિબંધિત પ્લાસ્ટીક અટકાયતની સંકલિત ઝુંબેશઃ–

મે. કમિશનરશ્રીની સુચના મુજબ અને ડે. કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) અને આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારમાં આવેલ શાક માર્કેટ, સુપર સ્ટોર દુકાનો, કોર્મશીયલ કોમ્પલેક્ષ, હોકર્સ, રીટેલ શોપ, પ્લાસ્ટીક સપ્લાયર્સ વિગેરે સ્થળોએ ઉપયોગમાં લેવામાં "વિશ્વ પર્યાવરણ દિન" નિમિત્તે જનજાગૃતિ અંતર્ગત સવારથી સાંજ સુધી જે તે ઝોનનાં આરોગ્ય, એન્જીનીયરીંગ, ગુમાસ્તાધારા, વિગેરે વિભાગનાં સ્ટાફ સાથે પ્રતિબંધિત પ્લાસ્ટીક અટકાયતની સંકલિત ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. તમામ ઝોન વિસ્તારમાં કરવામાં આવેલ કામગીરીની માહિતી નીચે મુજબ છે. આમ તમામ ઝોનમાંથી ૨૮૮ કિ.ગ્રા. પ્લાસ્ટીક જપ્ત કરી રૂા. ૧,૦૬,૪૨૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

| અ.નં. | ઝોનનું નામ | વસુલ કરેલ વહીવટી ખર્ચ (રૂા.) | જપ્ત કરેલ પ્લાસ્ટિક કિ.ગ્રા. |
|---|---|---|---|
| ૧. | કતારગામ ઝોન | ૮૭૦૦ | ૧૨.૦૦૦ |
| ૨. | સેન્ટ્રલ ઝોન | ૨૩૦૦૦ | ૫૩.૭૫૦ |
| ૩. | રાંદેર ઝોન | ૩૬૨૦૦ | ૭૬.૦૦૦ |
| ૪. | અઠવા ઝોન | ૧૨૪૨૦ | ૪૩.૯૫૦ |
| ૫. | વરાછા ઝોન | ૨૨૦૦ | ૬.૦૦૦ |
| ૬. | લીંબાયત ઝોન | ૧૬૪૦૦ | ૬૫.૫૦૦ |
| ૭. | ઉધના ઝોન | ૭૫૦૦ | ૩૦.૩૦૦ |
| કુલ | | ૧૦૬૪૨૦ | ૨૮૮.૦૦૦ |

TOP

## ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસે વન મહોત્સવ નિમિત્તે શાંતિકુંજ ગાર્ડનની ઉદ્‌ઘાટનવિધિ તથા વૃક્ષારોપણ કાર્યક્રમ :–

૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસે વન મહોત્સવ નિમિત્તે ઉન પ્રાથમિક શહેરી આરોગ્ય કેન્દ્રની સામે, વખારીયા રોડ, ભેસ્તાન ખાતે શાંતિકુંજ(પ્રોજેકટ ખર્ચ રૂા.૧૫.૮૪ લાખ, બાગનું ક્ષેત્રફળ ૨૩૫.૦૦ ચો.મી.) નું લોકાર્પણ મા. મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ (રાજુ દેસાઈ) ના વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું. આ શાંતીકુંજ તૈયાર કરવાનો ઉદ્દેશ વિસ્તારના વરિષ્ઠ નાગરીકોના રીક્રીએશન તથા પર્યાવરણની જાળવણીનો છે. જેનો જે તે વિસ્તારની જનતા લાભ લઈ શકે.

આ ઉપરાંત સદર લોકાપર્ણ થયેલ બાગના લોન પ્લોટમાં તેમજ બાગની ફરતે ફૂટપાથ પર તથા પાસે આવેલ ઉન પ્રાથમિક શહેરી આરોગ્ય કેન્દ્રના ખુલ્લા પ્લોટમાં પેરી–ફેરીમાં વૃક્ષોનું વૃક્ષારોપણનો કાર્યક્રમ મા. મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ (રાજુ દેસાઈ), મા. ડે. મેયર શ્રીમતી વર્ષા રાણા, શ્રી સી. આર.પાટીલ (મા. સાંસદશ્રી), શ્રી મુકેશભાઈ પટેલ (મા. ધારાસભ્યશ્રી), શ્રીમતી સંગીતાબેન પાટીલ(મા. ધારાસભ્યશ્રી), શ્રી દયાશંકર સિંહ (મા. નેતાશ્રી શાસકપક્ષ), શ્રીમતી મીનાબેન હીંગુ (અધ્યક્ષશ્રી ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ), તથા અન્ય મહાનુભાવો, નગરસેવકો, નગરજનો અને વિવિધ શાળાના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ/શિક્ષકોના સહયોગથી કુલ ૧૭૦ નંગ, રાજમાર્ગ પર લોકભાગીદારીથી ૫૦ નંગ તેમજ હાઈડ્રોલીક વિભાગ દ્વારા વિવિધ સ્થળે ૧૦૦૦ નંગ વૃક્ષોના રોપાનું પ્લાન્ટેશન કરવામાં આવેલ હતું.

વધુમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા વૃક્ષારોપણ સ્થળ ઉન શાંતિકુંજ બાગથી તેમજ સુમન નર્સરીથી ૮૯૨ જેટલા વિવિધ પ્રકારના છાયાવૃક્ષો જેવા કે, બંગાળી બાવળ, બોરસલ્લી, લીમડો, આસોપાલવ વિગેરે રોપાઓનું વિતરણ કરવામાં આવેલ. જેનો શહેરના નગરજનો અને રાહદારીઓએ ઉત્સાહપૂર્વક લાભ લીધેલ. તેમજ શહેરના મુખ્ય વિસ્તારમાં ૫ મી જુન વિશ્વ પર્યાવરણ દિન "THINK EAT SAVE" આધારીત બહોળી પ્રસીધ્ધી માટે સાયન્સ સેન્ટર ખાતે પર્યાવરણને લગતા ફોટોગ્રાફ અને પેઈન્ટીંગનું પ્રદર્શન પણ રાખવામાં આવેલ તેમજ આરોગ્ય વિભાગ ધ્વારા પર્યાવરણલક્ષી હોર્ડિંગ્સ નંગ–૭ અને બેનર નંગ–૩૦ જાહેર સ્થળોએ લગાાવવામાં આવેલ તેમજ ૧૫,૦૦૦ નંગ પેમ્ફલેટ નગરજનોને વિતરણ કરવામાં આવેલ હતા. સેન્ટ્રલ ઝોનમાં ગાંધી સ્મૃતિ ભવન ખાતે સુ.મ.પા.ના પદાધિકારીઓ અને અધિકારીઓએ નગરજનો સાથે બહોળી સંખ્યામાં હાજર રહી પર્યાવરણ જાળવણીના સંકલ્પ લીધેલ. આરોગ્ય વિભાગે જે તે ઝોન વિસ્તારમાં પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરવાની કામગીરી પણ કરેલ. જે અન્વયે ૨૮૫ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક જથ્થો જપ્ત લઈ કુલ રૂા.૧,૦૬,૦૦૦/– નો દંડ વસુલવામાં આવેલ હતો.

TOP